# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૪/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશનના સંયુકત ઉપક્રમે 'બજેટ એનાલિસિસ એન્ડ ઇમ્પેકટ ઓન ઇકોનોમી' વિશે ઈન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશનના સંયુકત ઉપક્રમે મંગળવારે, ૪થી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે મજુરાગેટ સ્થિત શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળના હોલમાં 'બજેટ એનાલિસિસ એન્ડ ઇમ્પેકટ ઓન ઇકોનોમી' વિષય ઉપર ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે અમદાવાદના ટેક્ષ કન્સલ્ટન્ટ શ્રી મુકેશ પટેલે સામાન્ય બજેટ વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સેશનની શરૂઆતમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, સામાન્ય બજેટમાં સમાવિષ્ટ ટેક્ષ, જીએસટી અને વેરા વિગેરે સાથે દક્ષિણ ગુજરાતની ઈન્ડસ્ટ્રી જોડાયેલી છે. પહેલા બજેટ માત્ર મુનીમો માટે જ રહેતુ હતુ પણ હવે દરેક વ્યકિતને બજેટ સ્પર્શે છે ત્યારે આ બજેટની સાચી સમજ આજના નિષ્ણાંત વકતાશ્રી આપણને આપશે.

શ્રી મુકેશ પટેલે પોતાના વકતવ્યમાં નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારામણ દ્વારા રજૂ કરવામાં આવેલા સામાન્ય બજેટની મોટાભાગની બાબતો જેવી કે પર્સનલ ઇન્કમ ટેક્ષ પેયર્સ, ડાયરેકટ ટેક્ષ, સ્ટાન્ડર્ડ ડિડકશન, ઇ–કોમર્સ ટ્રાન્ઝેકશનમાં ટીડીએસ, ટેક્ષ ઓડીટ, ઇ–એસેસમેન્ટ, ઇ–અપીલ અને વિવાદથી વિશ્વાસ સ્કીમ વિગેરેને આવરી લીધી હતી.

ઇ–એસેસમેન્ટ વિશે તેમણે જણાવ્યુ હતુ કે સરકાર વધુમાં વધુ ટ્રાન્સફરન્સી લાવવાનો પ્રયાસ કરી રહી છે. સપ્ટેમ્બરમાં આ સ્કીમ આવી હતી. સ્કુટીનીના કેસોમાં નવી દિલ્હીથી નોટીસ નીકળે છે. સ્કુટીની કયા અધિકારી કરશે તે કોઇને ખબર નથી. કારણ કે પોર્ટલ ઉપર ઓનલાઇન કામગીરી કરી દેવામાં આવી છે. સ્કુટીનીના કેસોમાં ડિસેમ્બર – જાન્યુઆરીમાં નોટીસો કાઢવાનુ શરૂ થઇ ગયુ હતુ અને બીજા જ મહિને મોટાભાગના કેસોમાં ઓર્ડર પણ થઇ ગયા હતા. આનાથી ભ્રષ્ટાચારને ડામી શકાય છે અને કોઇ કનડગત ન હોવાને કારણે પ્રમાણિક કરદાતા ઘણા ખુશ છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કો–ઓપરેટીવ સોસાયટીના કેસમાં અત્યાર સુધી ટીડીએસ ન હતો. પણ આ વખતે બજેટમાં રૂપિયા ૫૦ કરોડથી વધારે ટર્નઓવર ધરાવતી મોટી સોસાયટીઓને ટીડીએસ લાગશે. તદ્દુપરાંત ઇ–કોમર્સ ટ્રાન્ઝેકશનમાં પણ ટીડીએસનું પ્રોવિઝન કરવામાં આવ્યુ છે. રૂપિયા ૫ લાખનો સેલ કે સર્વિસ વેલ્યુમાં ટેક્ષ ડિડકટ કરવાનુ રહેશે. ટૂર ઓપરેટરોને પણ ટીસીએસ (ટેક્ષ કલેકટ સોર્સિસ) હેઠળ આવરી લેવામાં આવ્યા છે. એટલે કે ટૂર ઓપરેટરોને બુકીંગ માટેના આપવામાં આવતા રૂપિયાના ૫ ટકા ટીસીએસ લાગશે.

વકતા શ્રી પટેલે કહયુ હતુ કે સામાન્ય બજેટમાં એક્ષ્પોર્ટને કલીયર એકઝમ્પ્શન આપવુ જોઇતુ હતુ પણ નાણાંમંત્રીશ્રીએ એવુ નથી કર્યુ. ભારતનો નિર્યાતકર્તા અન્ય દેશમાં પ્રોડકટ એક્ષ્પોર્ટ કરશે તો ત્યાંના ઇમ્પોર્ટરને પોઇન્ટ વન પર્સેન્ટ આપવાનો રહેશે. આથી સરકારે એક્ષ્પોર્ટના કેસમાં તો રાહત આપવી જ જોઇએ.

તેમણે ટેક્ષ ઓડીટ વિશે સમજણ આપતા જણાવ્યુ હતુ કે ધંધાની અંદાજિત આવકમાં ૫ ટકાથી વધારે કેશ રિસીપ્ટ નહીં હોય અને ૫ ટકાથી ઓછો ખર્ચ કેશમાં થયેલ હશે તો જ ટેક્ષ ઓડીટમાંથી રાહત મળશે. વિવાદથી વિશ્વાસ સ્કીમ વિશે તેમણે કહયુ હતુ કે સર્ચ સિવાયના કેસોમાં ઇન્ટરેસ્ટ અને પેનલ્ટીને માફ કરી માત્ર ટેક્ષ ભરપાઇ કરીને ઇન્કમ ટેક્ષ અપીલોનો નિકાલ કરવામાં આવશે. નવી જોગવાઇ પ્રમાણે ચેરીટેબલ ટ્રસ્ટોએ ૧૨ એએ અને એટીજી જેવા રજિસ્ટ્રેશન ઓનલાઇન કરવાના રહેશે તથા એની મુદત પાંચ વર્ષની રહેશે.

આ સેશનમાં ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદી, ચેમ્બરની ટેક્ષેશન એન્ડ બજેટ કમિટીના ચેરમેન સીએ સુરેશ કાબ્રા અને ટેક્ષેશન એન્ડ ઇકોનોમિક અફેર્સ કમિટીના કો–ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે પ્રાસંગિક વિધી કરી હતી. સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગકારો અને ટેક્ષ પ્રેકટીશનરોના વિવિધ સવાલોના વકતાશ્રીએ સંતોષકારક જવાબ આપ્યો હતો. સેશનના અંતે ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશનના પ્રમુખ એડવોકેટ અનિલ શાહે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.